સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૦/૪૦૭૭૦૨/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૪/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નાણાં વિભાગનો તા.૧૬/૦૯/૧૯૮૭ નો ઠરાવ ક્રમાંક:ઈસીઆર-૧૦૮૭-૨૨-એમ.
(૨) નાણાં વિભાગનો તા.૦૫/૦૭/૧૯૯૧ નો ઠરાવ ક્રમાંક:એઓપી-૧૦૯૧-૩-એમ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૪/૧૯૯૨ નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૩૯૨-૧૦૬૬-ગ.

ઠરાવ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) પરના નાણા વિભાગના ઠરાવોને વંચાણે લઈ શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરનો ઠરાવ બહાર પાડવામાં આવેલ છે, જે અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના જે શિક્ષકો નિમણૂંકના સમયે નિયત લાયકાત ધરાવતા ન હોય એટલે કે બિન-તાલીમી હોય અને પાછળથી નિયત લાયકાત મેળવે તેમના કિસ્સામાં નિમણૂંક તારીખથી તેઓ નિયત લાયકાત મેળવે ત્યાં સુધીના સમયગાળાના ૬૦ % સમયગાળાને ઉચ્ચત્તર પગાર ધોરણ આપતી વખતે ગણતરીમાં લેવાનો રહેશે એમ આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૧ ની નોંધ પર આપવામાં આવેલ સૂચના અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

[પાછળ]

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારું.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.